# ડીસીએમ શ્રીરામ ફાઉન્ડેશનને એનાં સ્વચ્છતાનાં પ્રોગ્રામ "શ્રીરામ સ્વચ્છાગ્રહ" માટે એવોર્ડ મળ્યો

નવી દિલ્હી

ડીસીએમ શ્રીરામ લિમિટેડ દ્વારા સંચાલિત ડીસીએમ શ્રીરામ ફાઉન્ડેશને સ્વચ્છતાનાં ક્ષેત્રમાં કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી (સીએસઆર) હેઠળ સતત પ્રયાસો બદલ સ્વચ્છ સ્કૂલ એવોર્ડ મેળવ્યો છે. આ એવોર્ડ ઉઈ વેસ્ટ ફાઉન્ડેશન દ્વારા એનાયત થયો હતો.

ડીસીએમ શ્રીરામ લિમિટેડ, કોટાએ ડીસીએમ શ્રીરામ ફાઉન્ડેશન હેઠળ ક્લીન સ્કૂલ સ્કીમ – "શ્રીરામ સ્વચ્છાગ્રહ" અંતર્ગત કોટા જિલ્લામાં ૧૦૭૨ સરકારી શાળાઓમાં સાફસફાઈ અને સ્વચ્છતાનું માળખું વિકસાવ્યું છે. આ પહેલનાં પ્રથમ તબક્કામાં ડીસીએમ શ્રીરામ ફાઉન્ડેશને લાડપુરા બ્લોક કે તાલુકામાં સ્થિત ૧૫૦ શાળાઓમાં શૌચાલયોનું રિપેરિંગ કે રિનોવેશન હાથ ધર્યું હતું તથા એને ઔપચારિક રીતે જિલ્લા વહીવટીતંત્રને સુપરત કર્યા હતાં